# પાલનપુરમાં વધુ ત્રણ તબીબોને ખંડણી માંગતા ધમકીભર્યા કોલ

## ખંડણી માંગતા ધમકીભર્યા કોલથી ફફડી ઉઠેલા તબીબો એસ.પી. કચેરીએ દોડી ગયા

પાલનપુરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિ વચ્ચે શહેરના તબીબોને ખંડણી માટે ધમકીભર્યા ફોન આવી રહ્યા હોવાની રાવ ઉઠી છે. ખંડણી માંગતા ધમકીભર્યા ફોનથી દહેશતમાં આવેલા તબીબો એસ.પી.કચેરીએ રજુઆત કરવા દોડી આવ્યા હતા. જોકે, તબીબો પાસે ખંડણી માટે




ગતરોજ શહેરના ઓર્થોપેડિક ડો.એચ.કે.ગૌસ્વામીને દર મહિને ૧.૨૫ લાખની ખંડણી માંગતો ધમકીભર્યો ફોન આવ્યો હતો. ત્યારે આજે વધુ ૩ તબીબો ડો. અશ્વિન ગામી, ડો. રાજેન્દ્ર અગ્રવાલ અને ડો. એસ.એસ. પ્રજાપતિ ઉપર પણ મલિક બાદશાહના નામે ધમકીભર્યા કોલ આવતા ચકચાર મચી જવા પામી હતી. આવી રહેલા ધમકીભર્યા ફોનનો ગંભીર મામલો માત્ર અરજી પર છે. જેને લઈને પોલીસ આ બાબતે કેટલી ગંભીર છે તેની પ્રતીતિ કરાવી રહી છે. દરમિયાન, ધમકીભર્યા ફોનની ઓડિયો કલીપ પણ વાયરલ થઈ હોવાના અહેવાલો વચ્ચે એલ.સી.બી. પોલીસે ધમકી આપી ખંડણી માંગતા આરોપી ને દબોચી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# અરવલ્લી-સાબરકાંઠામાં સરપંચના વિજેતા ઉમેદવારોનુ ભવ્ય વિજય સરઘસ

## ટેકેદારો ડી.જે.ના તાલે અબીલ-ગુલાલની છોળો વચ્ચે ઝુમી ઉઠ્યા : ભાજપ-કોંગ્રેસ તેમના તરફી ઉમેદવારો જીત્યાના દાવા

અરવલ્લી, તા. ૧૧

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મતગણતરીને લઈને ઉમેદવારો તથા મતદારોમાં ઉત્તેજનાના ભારે માહોલ વચ્ચે મંગળવારે હાથ ધરાયેલી મતગણતરીના નિર્ધારીત સ્થળોએ વહેલી સવારથી જ ચૂંટણી લડેલા ઉમેદવારો તેમના ટેકેદારો સાથે આવી પહોંચ્યા હતા. વિજેતા સરપંચના ઉમેદવારો દ્વારા વિજય ઘોષણા થતાની સાથે જ ઝૂમી ઉઠ્યા હતા અને વિજેતા ઉમેદવારોને ફૂલહાર પહેરાવી ખભે ઉંચકી, અબીલ-ગુલાલ ઉડાડી વિજયોત્સવ મનાવ્યો હતો. સરપંચ પદની ઉમેદવારી અને વોર્ડ સભ્યોની ઉમેદવારીમાં હારેલા ઉમેદવારો તેમના ટેકેદારો સાથે મતગણતરીના સ્થળે નિરાશા સાથે પરત ફર્યા હતા. ચૂંટણી યોજાયેલ ગામડાઓમાં કહી ખુશી કહી ગમ જેવા દ્દશ્યો સર્જાયા હતા. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં પોલીસતંત્ર અને વહીવટીતંત્રે મતગણતરીના સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.





અરવલ્લી જિલ્લાની ૬ ગ્રામ પંચાયતોમાં યોજાયેલ ચૂંટણી બાદ મંગળવારે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. દરેક તાલુકા મથકે યોજાયેલી મતગણતરીના સ્થળે ૩૦થી વધુ સ્ટાફની દેખરેખ હેઠળ મતગણતરી યોજાઈ હતી. મોડાસા તાલુકાની ૪ ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી મોડાસા સરકારી ઈજનેરી કોલેજના સ્થળે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સરપંચ પદના ઉમેદવારોના ટેકેદારો વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. ધનસુરાની માત્ર એક ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી મામલતદાર કચેરી ખાતે અને ભીલોડાની એક ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી હાઈસ્કૂલમાં યોજાઈ હતી. અરવલ્લી જિલ્લાની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૮૩ ટકા જેટલુ મતદાન થતા તમામ સરપંચની દાવેદારી નોંધાવનારે તેમની જીતના દાવા વ્યક્ત કર્યા હતા. જેનું આજે પરિણામ જાહેર થતા વિજેતા ઉમેદવારો ઘેલમાં આવી ગયા હતા અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે ઝુમી ઉઠ્યા હતા. ૬ ગ્રામ પંચાયતોના સરપંચોએ પોતાના ઉપર વિશ્વાસ મુકી મતદારોએ વિજેતા બનાવવા બદલ આભાર માની આવનાર દિવસોમાં પોતાના ગામોના વિકાસના કામો વધુમાં વધુ થાય તેવા દાવા કરવામાં આવ્યા હતા.

# મોટા કોટડા ગામના હત્યાના ગુનાના કાચા કામના કેદીનું હાર્ટ એટેકથી મોત

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામના પિતા-પુત્ર હત્યાના ગુનામાં કાચા કામના કેદી હિમતનગર સબજેલમાં એક વર્ષથી હતા જેમાં પિતાને છાતીમાં દુખાવો ઉપડતા હિમતનગર સિવિલમાં અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન સોમવારે મોત નીપજ્યું હતું.

આ અંગે હિમતનગર સબજેલના જેલર જગદીશભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે એક વર્ષથી ઈડરના મોટા કોટડા ગામના બાજાજી ઉદાજી પરમાર-ઉવ.૭૮ અને તેમનો પુત્ર અરવિંદભાઈ બાજાજી પરમાર-ઉવ-૩૫ તા-૬ જુન ૨૦૧૬ ના રોજ હત્યાના ગુનામાં કાચા કામના કેદી તરીકે હિમતનગર સબજેલમાં હતા જેમાં પિતા બાજાજી ઉદાજી પરમારને ૯ એપ્રિલ ૨૦૧૭ ના રોજ સવારે છાતીમાં દુખાવો ઉપડતા તાત્કાલિક સારવાર અર્થે હિમતનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ જેમને વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ ગયેલ જ્યાં ૧૦ એપ્રિલ ૨૦૧૭ના રોજ સોમવારે તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.આ બંને પિતા-પુત્ર જાદર પોલીસ સ્ટેશને નોધાયેલ હત્યાના ગુનામાં કાચા કામના કેદી તરીકે સબજેલમાં હતા.જે પિતાની મરણ વિધિ માટે કોર્ટે મંગળવારે પુત્ર અરવિંદભાઈને ૧૫ દિવસના વચગાળાના જામીન મંજુર કર્યા હતા.




## ઝીંઝુડી ગામમાં સત્સંગ મેળાવડો યોજાયો

ભિલોડા તાલુકાના ઝીંઝુડી ગામમાં બ્રહ્મનિષ્ઠ ગુરૂવર્ય થાવરદાસ સાહેબની સમાધી સ્થળ ઉપર સત્સંગ હોલના નિર્માણ અર્થે સત્સંગ મેળાવડો યોજાયો હતો. શ્રધ્ધાળુ ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. પ.પુ. મહંત ગોકુલદાસ સાહેબ, ખાડીયા અમદાવાદ, પ.પુ.લાલજી મહારાજ વક્તાપુર, પ.પુ.ભાવીદાસ સાહેબ પાટણ, પ.પુ.ધીરૂરામ મહારાજ બોલુન્દ્રા, પ.પુ.પ્રભુદાસ મહારાજ ટાકાટુકા, પ.પુ.કમજીભાઈ સાહેબ સરસવ, પ.પુ.હરજીવનદાસ સાહેબ ઝીંઝુડી સહિત સંતો, મહંતો, સેવાભાવી દાતાઓ, ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સંતો, મહંતોએ ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન કરાવ્યું હતું.

# રણાસણ ગ્રામ પંચાયતની કમાન વર્ષાબેન રાવલના હાથમાં : વિકાસના કામોને વેગ મળશે

પ્રાંતિજ, તા.૧૧

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામે ગ્રામ પંચાયતની ચુંટણી યોજાઇ હતી. જેમાં પરિણામ જાહેર થતાં મહિલા ઉમેદવાર વર્ષાબેન નિતેશભાઇ રાવલનો ભવ્ય વિજય થયો છે.

રણાસણ ગામે ગ્રામપંચાયતની ચુંટણી યોજાઇ હતી. જેમાં તા.૧૧/૪/૨૦૧૭ને મંગળવારના રોજ મતગણતરી યોજાઇ હતી. જેમાં જંગી મતોથી વર્ષાબેન નિતેશભાઇ રાવલનો ભવ્ય વિજય થયો હતો



અને તેમનાં સમર્થકો દ્વારા વિજય સર્ઘષ કાઢવામાં આવ્યું હતું જયારે વર્ષાબેન રાવલ દ્વારા મતદારો સમાજના આગેવાનો સમાજના ભાઈઓ તથા ટેકેદારોનો આભાર માન્યો હતો અને ગામમાં વિકાસના કામો કરવાની ખાતરી આપી નિષ્ઠાપૂર્વક સરપંચ તરીકેની સેવા આપવાની ખાતરી આપી હતી.

# પ્રાંતિજ એલઈડી લાઈટોથી ઝગમગી ઉઠશે

પ્રાંતિજ, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે સરકાર દ્વારા નગર પાલિકા વિસ્તારમાં એલઈડી લાઈટો



નાખવાની કામગીરી શરૂઆત થતાં પાલિકા ની સાથે શહેરીજનોમાં પણ ખુશી જોવા મળી હતી.

સરકાર દ્વારા વિજળી બચાવો અભિયાનને લઈને ગુજરાતના શહેરો અને ગામડાઓમાં એલઈડી લાઈટો નાખવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ વોર્ડ નંબર-પાંચથી એલઈડી લાઈટ નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, નગરપાલિકા કોર્પોરેટરો નયનભાઈ દેસાઈ, પ્રહલાદભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ સથવારા, નટુભાઈ સહિત નોર્ડલ અધિકારી ચીન્ટુભાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. જયારે પ્રાંતિજ ખાતે અંદાજે ૨૫૦૦થી પણ વધારે એલઈડી લાઈટો નગર પાલિકા વિસ્તારમાં નાખવામાં આવશે અને ૪૦ વોલ્ટની ટુબ સામે ૧૮ વોલ્ટની એલઈડી નાખવામાં આવતાં પ્રકાશની સાથે નગરપાલિકાને બીલમાં પણ મોટી રાહત થશે અને વર્ષે આવનાર મેન્ટેનન્સ ખર્ચ પણ ઘટશે. જયારે પાલિકા દ્વારા વિજળી બીલના વધેલ પૈસા નગરના વિકાસના કામોમાં ઉપયોગ લેવામાં આવશે અને નગરનો વિકાસ પણ વધશે જયારે સમગ્ર પ્રાંતિજમાં દશ દિવસમાં એલઈડી લાઈટો નાખવાનું સંપુર્ણપણે કામ પૂર્ણ થઈ જશે અને પ્રાંતિજ શહેર એલઈડી લાઈટો નંખાયા પછી ઝગમગી ઉઠશે.

# ભિલોડામાં ઓવરલોડ રેતી-કપચી ભરેલા ૧૦ વાહનચાલકોને ૩,૧૬,૪૬૬નો દંડ

ભિલોડા,તા.૧૧

ભિલોડા તાલુકામાં ઓવરલોડ રેતી-કપચી, પથ્થર, માટી ભરેલા ૧૦ વાહનચાલકો પાસેથી રૂા.૩,૧૬,૪૬૬/-નો દંડ ફટકારતાં ખનીજ માફીયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, નાયબ મામલતદાર એન.એમ.ચૌધરીના જણાવ્યા મુજબ તાજેતરમાં ૧૦ વાહનચાલકો ઓવરલોડ રેતી-કપચી, પથ્થર, માટી ભરેલા વાહનોમાં ગેરકાયદેસર હેરાફેરી કરતાં હતા ત્યારે તપાસ હાથ ધરતાં પાસ પરમીટ કરતાં વધારે જથ્થો ઝડપાયો હતો. ખનીજ માફીયાઓએ કાયદાની ઐસી-તૈસી કરી નિતી નિયમોનું ઉલ્લંઘન કરતાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. હિંમતનગરના એક જ માલીકની એક જ દિવસમાં ઓવરલોડ રેતી ભરેલી ત્રણ ટર્બો ટ્રકો ઝડપી રૂા.૧,૬૫,૪૨૬/-નો દંડ ફટકારતાં દંડ સરકારી તિજોરીમાં જમા થઈ ગયો હતો.

ભિલોડા મામલતદાર અને જીલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં ખનીજ માફીયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. જીલ્લાભરમાં દિન-પ્રતિ-દિન ખનીજ ચોરીનું પ્રમાણ વધતાં વહીવટી તંત્રએ સપાટો બોલાવતાં ખનીજ માફીયાઓની ઉંઘ હરામ થઈ ગઈ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે વહીવટી તંત્રના અધિકારીઓ, જીલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ ધ્વારા ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવે તો ઓવરલોડ રેતી, કપચી, પથ્થર, માટી ભરેલા વાહનો વધુમાં વધુ ઝડપાઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે.




## પાલનપુરમાં હનુમાન જયંતીની ઉજવણી કરાઈ

બનાસકાંઠા જિલ્લાના વિવિધ હનુમાનજીના મંદિરોમાં આજે ચૈત્રી પૂનમે હનુમાનજયંતીની ધર્મોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રદ્ધાળુઓ દ્વારા હનુમાનજી મંદિરોમાં યજ્ઞ-પ્રતિષ્ઠાન જેવા ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. જીલ્લા મથક પાલનપુર શહેરના સુપ્રસિદ્ધ કંથેરીયા હનુમાન મંદિરે શ્રી હનુમાન જયંતિ મહોત્સવ, પૂજન તથા મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે હનુમાન જયંતિના પાવન અવસરે નવાબી સમયનો કંથેરીયા હનુમાનના ૩૭ માં જન્મ ઉત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ ભકતોની દર્શન માટે કંથેરીયા હનુમાનના ભીડ જામી હતી અને મોટી સંખ્યામાં ભક્તોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો તેમજ પાલનપુર શહેરના સુપ્રસિદ્ધ કંથેરીયા હનુમાન મંદિરે આવેલા ભકતોની મનોકામના પણ પૂરી થાય છે. જ્યારે શ્રી કંથેરીયા હનુમાનજીની ૩૭મી જન્મજયંતિ પ્રસંગે મહંતશ્રી ક્ષિપ્રાગીરીજી મહારાજની નિશ્રામાં હવન, આરતી, ભોજન પ્રસાદ વિતરણ અને સંતવાણી કાર્યક્રમો યોજાયા હતા.

# બહુચરાજી માતાના મંદિરે આવતીકાલે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

મહેસાણા, તા.૧૧

દેશની આધશક્તિપીઠોમાંનું સ્થાન છે તેવા જગપ્રસિધ્ધ બહુચરાજી માતાજીના સાનિધ્યમાં ચૈત્રી




પુનમના પરંપરાગત મેળાનું અનેરૂ માહત્મય છે. ચૈત્રી પૂનમના મેળાનું ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વ અનેરું હોવાથી માઈભક્તોએ મા બહુચરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્રણ-ચાર દિવસ અવિરત ઉમટી રહેલાં ભાવિક ભક્તોના કારણે બહુચરાજી અને બહુચરાજીને જોડતાં માર્ગો પર ભક્તોની ભીડ જોવા મળી હતી.

બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા આયોજીત ત્રિ-દિવસીય બહુચરાજી મેળાના બીજા દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકડાયરાના કલાકાર સુખદેવ ગઢવી, શીતલ બારોટ, પિયુષ પ્રજાપતિ, કુલદીપ ગઢવી અને લાભુદાન ગઢવીની ટીમ દ્વારા વિવિધ ડાયરોના કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

ચૈત્રી મેળાના સાંસ્કૃતિક કાર્યક્રમને દીપ પ્રજવલ્લીત કરીને પ્રારંભ કરતા શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે આપણી સંસ્કૃતિમાં ધર્મનું વિશેષ મહત્વ રહેલું છે. ધર્મસ્થાનોના વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. બહુચરાજી મંદિરના નવીનીકરણ, સુધારણા સહિત પ્રવાસન ક્ષેત્રે વિકાસ થાય તે દિશામાં સરકાર પ્રયત્નશીલ છે.

ઉત્તર ગુજરાતના લોકજીવનમાં મેળાઓનું વિશેષ મહત્વ રહેલું છે. જેમાં બેચરાજીનો મેળો ચુંવાળ પથક તેમજ માઈ ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યો છે. મુખમાં માનું નામ... હાથમાં ધજા અને હૈયામાં અપાર શ્રદ્ધા સાથે ચલો બુલાવા આયા હૈ... માતાને બુલાયા હૈ... બોલ માડી બહુચર જય... જય બહુચરના જયઘોષ સાથે માતાજીના સાનિધ્યમાં ભક્તો માથું ટેકવતા જોવા મળ્યા હતા.

## મોહનપુર ગામમાં ભાજપની ટીફીન બેઠક યોજાઈ

ભિલોડા તાલુકાના મોહનપુર ગામમાં નર્મદેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભાજપની ટીફીન બેઠકનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભીખાભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, જગદીશભાઈ પટેલ, કમલેશભાઈ મહેતા, મુકેશભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ બારોટ, સંકેતભાઈ ચૌધરી, મેહુલભાઈ ચૌધરી, ધવલભાઈ ચૌધરી, લખાભાઈ ઠાકોર, બકાભાઈ ઠાકોર, જયેશભાઈ રાવલ, ચંદ્રકાંતભાઈ રાવલ, રામઅવતાર શર્મા, ચેતનસિંહ કચ્છાવા, હરેશભાઈ પંચાલ, રવીભાઈ ઠાકોર, આર.ડી.પરમાર સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરોની બેઠક યોજાઈ હતી. ભાજપના સંગઠનને મજબુત બનાવવા હાકલ કરાઈ હતી.

# ખેડબ્રહ્મા શહેરમાંથી ૧.૯૪ લાખની ચિલઝડપ

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા શહેરમાં સરદાર પટેલ રોડ પરથી બે મહિલાઓ દ્વારા એક વ્યક્તિની થેલીમાં મુકેલા રૂ. ૧,૯૪,૦૦૦ની રકમ સેરવી લઈ પલાયન થઈ ગઈ હતી.

ખેડબ્રહ્મા શહેરમાં ચાંપલપુર પ્રા. શાળાના નિવૃત્ત શિક્ષક મહેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ રાજાણી જનસેવા પાછળ રહે છે. જે મંગળવારે પોતાનુ બાઈક લઈ તેમના ઓળખીતા રાકેશભાઈ મણીલાલ ખારોલ સાથે તેમના કામ અર્થે ખેડબ્રહ્મા સ્ટેટ બેંકમાં ગયેલ અને તેમના મિત્ર કલ્પેશભાઈ ચંદુલાલ પટેલનાઓએ તેમનો સેલ્ફ ચેક રૂ. ૧,૯૫,૦૦૦નો ઉપાડવા આપેલ તે રકમ ઉપાડી મહેન્દ્રભાઈ અને રાકેશભાઈ બાઈક લઈ નજીકમાં સ્ટુડીયોમાં ફોટા પડાવવાના હોઈ રાકેશભાઈ તેમને ત્યાં ઉતારી તેમના કામ અર્થે બજારમાં ગયેલ અને મહેન્દ્રભાઈ ફોટા અર્થે સ્ટુડીયોમાં ગયેલ, તેમને પાસબુકમાંથી ફોટો કઢાવવાનો હોઈ પાસબુક થેલીમાંથી કાઢી થેલી બાજુમાં મુકી હતી. તે દરમ્યાન બે હિન્દી ભાષી મહિલાઓ આવી એક મહિલા ફોટા પડાવવા માટે સ્ટુડીયોવાળા ભાઈ સાથે વાતચીત કરતી હતી. બીજી પાટલી પર બેઠી હતી. વાત કરી એક મહીલા પોતાના બાળકને લઈને આવુ છુ તેમ કહી જતી રહેલી અને થોડીવાર બાદ પાટલી પર બેઠેલ મહિલા પણ જતી રહેલ. ત્યાર બાદ મહેન્દ્રભાઈ પોતાનુ કામ પતાવી બહાર નિકળી પાસબુક થેલીમાં મુકવા જતા થેલીમાં બેંકમાંથી ઉપાડેલ રૂ. ૧,૯૫,૦૦૦માંથી ૯૭ નોટો ૨૦૦૦ની તથા ૧૦ નોટો ૧૦૦ની હતી તેમાંથી ૨૦૦૦ની ૯૭ નોટો એટલે કે રૂ. ૧,૯૪,૦૦૦ અંદર ન હતા. જેથી તેમણે રાકેશભાઈને વાત કરેલ અને આજુબાજુ શોધખોળ કરેલ પરંતુ બન્ને મહિલાઓ ક્યાંય મળી આવેલ નહી જેથી મહેન્દ્રભાઈને જણાઈ આવેલ કે બન્ને મહિલાઓ તેમની થેલીમાં રાખેલ રૂપીયા સેરવીને ફરાર થઈ ગઈ છે તેથી તેમણે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી.